સુરત શહેરી વિકાસ સત્તા

REGISTERED No. GRJ-24

©

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

**SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION**

***PUBLISHED BY AUTHORITY***

VOL. XXXXI ] FRIDAY 15TH DECEMBER, 2000 / AGRAHAYAN 24, 1922 [ No. 47

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation.

**PART-II** **EXTRAORDINARY**

સુરત શહેરી વિકાસ સત્તામંડળ

નં.સુડા/યુ.૩/ટીપીએસ-૧૪/

''સુડા ભવન''
કલેક્ટર કચેરીની બાજુમાં,
નાનપુરા, સુરત.
તા. /૧૨/૨૦૦૦

:: અધિસૂચન ::

આથી જાહેર કરવામાં આવે છે કે સુરત શહેરી વિકાસ સત્તામંડળે ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ ની કલમ-૪૨(૧) પ્રમાણે નગર રચના યોજના નં.૧૪ (પાલ):સુડા:સુરતની મુસદ્દારૂપ નગર રચના યોજનાની દરખાસ્તો તૈયાર કરેલ છે. જેને આથી પ્રસિધ્ધ કરવામાં આવે છે. આ મુસદ્દારૂપ નગર રચના યોજનામાં નીચે મુજબના વિસ્તારોનો સમાવેશ થાય છે.

નગર રચના યોજના નં.૧૪ (પાલ):સુડા:સુરત

અ:સીમા/હદ નિશાન

ઉત્તર : મુસદ્દારૂપ નગર રચના યોજના નં.૧૦ (પાલ):સુડા:સુરત તથા (સુચિત) મુસદ્દારૂપ નગર રચના યોજના નં.૧૫(પાલ):સુડા: સુરતની હદ.

પૂર્વે : સુરત મહાનગરપાલિકાની મુસદ્દારૂપ નગર રચના યોજના નં.૩૧ (અડાજણ) અને નં.૩૨ (અડાજણ) ની હદ.

પશ્ચિમે : પાલ ગામમાં જતા હયાત રસ્તાની મધ્યરેખા તથા પાલ ગામતળની હદ/વિસ્તાર.

દક્ષિણે : સુરત-હજીરા રોડની મધ્યરેખા.

આ યોજનાના મુસદ્દાની નકલ જાહેર જનતાને જોવા સારૂ સુરત શહેરી વિકાસ સત્તામંડળની કચેરી 'સુડા ભવન', કલેક્ટર કચેરીની બાજુમાં, નાનપુરા, સુરતના સરનામે કચેરીના કામકાજના સમયમાં ખુલ્લી રાખવામાં આવેલ છે.

સરકારી રાજ્યપત્રમાં આ અધિસુચન પ્રસિધ્ધ થયાની તારીખથી એક મહિનાની અંદર આ યોજનાથી અસર પામતા કોઈપણ શખ્સ આ યોજના સબંધમાં કોઈપણ વાંધા લેખિત રીતે સુરત શહેરી વિકાસ સત્તામંડળને બે નકલમાં ઉપરના સરનામે સુપ્રત કરશે તો સુરત શહેરી વિકાસ સત્તામંડળ ઉકત કાયદાની કલમ-૪૮ હેઠળ રાજ્ય સરકારને યોજનાનો મુસદ્દો સાદર કરતાં પહેલાં આવેલા વાંધા વિચારણામાં લેશે.

( જે.બી.વોરા )
મુખ્ય કારોબારી અધિકારી
સુરત શહેરી વિકાસ સત્તામંડળ
સુરત.

---

સુરત શહેરી વિકાસ સત્તામંડળ

નં.સુડા/ટીપીબ્રાંચ/નં.૧૫(પાલ)/

''સુડા ભવન'',
કલેક્ટર કચેરીની પાછળ,
નાનપુરા, સુરત.
તા. /૧૨/૨૦૦૦

:: અ ધિ સુ ચ ન ::

આથી જાહેર કરવામાં આવે છે કે, સુરત શહેરી વિકાસ સત્તામંડળે, ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ ની કલમ ૪૨(૧) તેમજ ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ નિયમો-૧૯૭૯ ના નિયમ-૧૮ મુજબ નગર રચના યોજના નં.૧૫ (પાલ) 'સુડા' સુરતની મુસદ્દારૂપ નગર રચના યોજનાની દરખાસ્તો તૈયાર કરેલ છે, જેને આથી પ્રસિધ્ધ કરવામાં આવે છે. આ યોજનાની હદો નીચે પ્રમાણે છે.